eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 286
August 26, 2011



## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૨૦/૦૮/૨૦૧૧ ના રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર, ઈશ્વરપુરા, ન.પ્રા.શિ.સમિતિ શાળાની બાજુમાં, ડીંડોલી, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>



## સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ

સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪/૦૮/૨૦૧૧ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોનું પ્રદર્શન

સાયન્સ સેન્ટર સુરત ધ્વારા હાલમાં આર્ટ ગેલેરી ખાતે પ્રાચીન સમયથી માંડીને અત્યાર સુધીના ભારતીય ચલણી સિકકાઓ તેમજ વિદેશી ચલણી સિકકાઓ અને નોટોના પ્રદર્શનનું આયોજન તા. ૨૮/૦૮/૨૦૧૧ સુધી કરવામાં આવેલ છે ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે ગણેશજીની મૂર્તિઓ તેમજ ફોટોગ્રાફસનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ સરદાર વલ્લભભાઈ પટેલ મ્યુઝિયમમાં ચાલુ વર્ષે ગણેશ ઉત્સવ નિમિત્તે ગણેશજીની મૂર્તિઓ તેમજ ફોટોગ્રાફસનું પ્રદર્શન ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/ કતલખાનાઓ બંધ રહેવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧/૦૩/૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮, તા. ૨૬/૦૬/૨૦૦૮ થી વિદિત થઈ ...

વધુ માટે કલીક કરો >>>>>>

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા. ૨૦/૦૮/૨૦૧૧ ના રોજ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર, ઈશ્વરપુરા, ન. પ્રા. શિ. સમિતિ શાળાની બાજુમાં, ડીંડોલી, સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ રાખવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ડે. મેયર શ્રીમતિ છાયાબેન ભુવા, શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહ, મસ્કતિ ધર્માથ હોસ્પીટલ સલાહકાર સમિતિ અધ્યક્ષ ડો. રવિન્દ્ર પાટીલ, મ્યુનિ. સદસ્યા શ્રીમતિ નયનાબેન નાયક, મ્યુનિ. સદસ્યશ્રી સુભાષભાઈ પાટીલ, આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નર (હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો. હેમંત એસ.દેસાઈ, લિંબાયતઝોનના ઈ. ચા. કાર્યપાલક ઈજનેરશ્રી ડી. એ. હરપ્લાની, નાયબ આરોગ્ય અધિકારી ડો. વી. વી. પરમાર, સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ડીંડોલી / લિંબાયત શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નરશ્રી(હેલ્થ એન્ડ હોસ્પીટલ) ડો હેમંત દેસાઈએ કાર્યક્રમ સંબધી જાણકારી આપી હાજર રહેલ આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. ખાસ કરીને ગરીબ–મધ્યમ વર્ગની જનતાને તજજ્ઞો દ્વારા નિદાન / સારવાર આવા કેમ્પમાં મળી જ રહે છે સાથે આરોગ્યલક્ષી પ્રદર્શનમાં રોગથી બચવા માર્ગદર્શન આપવામાં આવે છે. જેનો લાભ લેવા જાહેર જનતાને અનુરોધ કર્યો હતો.

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ સલાહકાર સમિતિના અધ્યક્ષ ડો.રવિન્દ્ર પાટીલે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે, ફક્ત સુરત મહાનગરપાલિકા જ આવા વિના મુલ્યે નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. નાગરીકોએ પોતાના ઘરનો કચરો ડોર ટુ ડોર કચરાગાડીમાંજ નાંખવા અપીલ કરી હતી અને આરોગ્ય ખાતાની કામગીરીને બિરદાવી હતી.

Continue …

શાસક પક્ષના નેતાશ્રી દયાશંકર શકલનારાયણ સિંહે પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા દર વર્ષે પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોથી બચવા આવા કેમ્પોનું આયોજન કરે છે. જેમાં નિષ્ણાંત ડોકટરો દ્વારા આરોગ્યનું નિદાન કરી સારવાર આપવામાં આવે છે જેનો મહત્તમ લાભ લેવા જનતાને અપીલ કરી હતી. આવા કેમ્પોનો મુખ્ય હેતુ ખાસ કરીને સ્લમ વિસ્તારના લોકોને વિના મુલ્યે સારવાર આપવાનો છે. મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે આરોગ્ય લક્ષી પ્રદર્શન યોજવામાં આવે છે જેમાં પાણી જન્ય/પાણી સંલગ્ન તથા અન્ય રોગો થવાના કારણો તથા તેના ઉપાયો અંગેની જાણકારી આપવામાં આવે છે. આરોગ્ય / ઈજનેરી ટીમને અભિનંદન પાઠવ્યા હતા. સ્થાનિક રહીશોને મેડીકલ કેમ્પનો લાભ લેવા તથા યોજવામાં આવેલ પ્રદર્શન નિહાળી તેનો અમલ કરવા જણાવ્યું હતું.

મા. ડે. મેયરશ્રીમતિ છાયાબેન ભુવાએ જણાવ્યું હતું કે, છેવાડાની જનતાને વિના મુલ્યે આરોગ્યલક્ષી સેવાનો લાભ મળે તે માટે આ પ્રકારના કેમ્પો યોજવામાં આવે છે. ચોમાસામાં ગંદકી ન કરવા, પાણીનો ભરાવો ન થાય તેનું ધ્યાન રાખવા જણાવ્યુ હતું સાથે ખુલ્લો ખોરાક, ઠંડાપીણા, વાસી ફળફાળદી ન ખાવા અપીલ કરી હતી. સગર્ભા બહેનો માટે સરકાર દ્વારા આંગણવાડી મારફતે પૌષ્ટીક આહાર પુરો પાડવામાં આવે છે જે અંગે માર્ગદર્શન આપ્યું હતું. ચોમાસા દરમ્યાન મેલેરીયા તથા અન્યરોગોનું પ્રમાણ વધુ જોવા મળતુ હોય સ્થાનિક રહીશોને આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી જાણકારી મેળવવા તથા મહાનગરપાલિકાને સાથ સહકાર આપવા જણાવ્યું હતું.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પનો ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૫૩૬ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૦૨, ચામડીના નિષ્ણાત દ્વારા ૩૯, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૬૭, બાળરોગ નિષ્ણાત દ્વારા ૮૯, ફિઝીશ્યન દ્વારા ૧૧૨, સર્જન દ્વારા ૨૯, મેડીકલ પ્રેકટીશનર્સ દ્વારા ૯૮ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૨૩ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસ. ૩૪ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૬ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૫૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૫૦૦ કલોરીન ટેબલેટ નું વિતરણ કરવામાં આવેલ હતું. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૨૫૦, ઓરલ પીલ્સ ૧૫ પેકેટ, આયર્ન ફોલીક એસીડ ૭૦૦ ટેબલેટ વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૨૯ બાળકોને ડીપીટી, ૩૨ બાળકોને પોલીયો, ૦૭ બાળકોને ઓરી, ૦૭ બાળકોને ટી.ટી.ની રસી આપવામાં આવી હતી.

સમગ્ર કાર્યક્રમનું આયોજન મ્યુ. કમિશ્નરશ્રી એમ. કે. દાસના આદેશાનુસાર આરોગ્ય અધિકારી અને ઈ. ચા. ડે. કમિશ્નર(હેલ્થ એન્ડ હોસ્પિટલ) ડો. હેમંત એસ.દેસાઈ ના માર્ગદર્શન મુજબ નાયબ આરોગ્ય અધિકારી ડો. કે. આઈ. ખત્રી દ્વારા કરવામાં આવ્યું હતું.

**નોંધઃ**

આગામી વિના–મૂલ્યે આરોગ્ય નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખઃ ૨૭/૦૮/૧૧ ના રોજ કરંજ શહેરી આરોગ્ય કેન્દ્ર, રચના સોસાયટી પાસે, સુરત ખાતે રાખવામાં આવેલ છે. જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

**TOP**

## સુરતના મહાન સપૂત, પ્રખર સમાજસુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિનર્મદની જન્મજયંતિ નિમિત્તે કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ



સુરત મહાનગરપાલિકા ધ્વારા સુરતના મહાન સપૂત, પ્રખર સમાજ સુધારક અને ગરવી ગુજરાતના પ્રણેતા કવિ નર્મદની જન્મજયંતિ નિમિત્તે તા. ૨૪/૦૮/૨૦૧૧ ના રોજ સવારે ૯.૦૦ કલાકે ગાંધીબાગ, ચોકબજાર સ્થિત કવિ નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. મા. મેયરશ્રી રાજેન્દ્ર એ. દેસાઈ, ડે. મેયરશ્રીમતી છાયાબેન ભુવા, મ્યુ. કમિશ્નરશ્રી એમ. કે. દાસ, શાસકપક્ષના નેતાશ્રી દયાશંકર સિંગ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ. સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, નર્મદ યુગાવર્ત ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ, નગરજનોએ ઉપસ્થિત રહી વીર કવિ નર્મદની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી વંદના કરી હતી. આ પ્રસંગે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની શાળાના શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ કવિ નર્મદના "જય જય ગરવી ગુજરાત" અને બીજા અનેક ગીતો ગાઈને કવિ નર્મદને સ્વરાંજલિ અર્પી હતી. સુરત મહાનગરપાલિકા સંચાલિત "કવિ નર્મદ મધ્યસ્થ પુસ્તકાલય" અઠવાલાઈન્સ,સુરત ખાતે વરિષ્ઠ વાચક સભ્યો અને નિયમિત વાચકોની ઉપસ્થિતમાં નર્મદની પ્રતિમાને સુતરાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કવિ નર્મદની જીવન ઝરમર અને ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે તેમના પ્રદાનને લગતા પુસ્તકો પ્રદર્શિત કરવામાં આવેલ. જે આગામી તા. ૨૮/૦૮/૨૦૧૧ ને રવિવાર સુધી જાહેર જનતાને લાભાર્થી ચાલુ રહેશે. શહેરની સાહિત્ય પ્રેમી જનતાને તેનો લાભ લેવા વિનંતી.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે ચલણી સિકકાઓ અને ચલણી નોટોનું પ્રદર્શન

સાયન્સ સેન્ટર સુરત ધ્વારા હાલમાં આર્ટ ગેલેરી ખાતે પ્રાચીન સમયથી માંડીને અત્યાર સુધીના ભારતીય ચલણી સિકકાઓ તેમજ વિદેશી ચલણી સિકકાઓ અને નોટોના પ્રદર્શનનું આયોજન તા. ૨૮/૦૮/૨૦૧૧ સુધી કરવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં ભારતીય ચલણી સિકકા અને ચલણી નોટનો ઈતિહાસ વિવિધ દેશોના સિકકા, એક રૂપિયાની નોટની ૧૯૪૭ માં જયારે પ્રથમ વખત પ્રસિધ્ધ થઈ ત્યારથી ઈ.સ. ૧૯૯૪ માં બંધ થઈ ત્યાં સુધીની સંપૂર્ણ દુર્લભ નોટો, ખાસ(*) સ્ટાર સિરિઝની નોટ, પૂ.ગાંધીજીની આમુખવાળી નોટો, મહાન વિભૂતિઓની કાયમી યાદગારીરૂપે બહાર પાડવામાં આવેલ અલગ અલગ કિંમતના દુર્લભ સ્મારક સિકકાઓ વિગેરે તેમજ પ્રાઈડ ઓફ ઈન્ડિયાનું (ગોલ્ડ પ્લેટેડ)દુર્લભ સ્ટેમ્પ કલેકશન, ભારતીય રૂપિયાના નવા પ્રતિકના નિર્માણની પ્રક્રિયા વિગેરે કલાકૃતિઓ અને માહિતી રજુ કરવામાં આવી છે. સદર પ્રદર્શનમાં ભૂલો અને ખામીઓવાળી નોટનું કલેકશન પણ ઉમેરવામાં આવેલ છે. આ પ્રદર્શનને જાહેર જનતા ધ્વારા ખુબ સારો પ્રતિભાવ સાંપડેલ છે જે ધ્યાને લઈ આગામી તા. ૨૬–૮–૨૦૧૧ થી તા. ૨૮–૮–૨૦૧૧ સુધી પ્રદર્શન સાયન્સ સેન્ટર, સીટી લાઈટ રોડ સ્થિત આર્ટ ગેલેરી ખાતે સવારે ૯.૩૦ થી રાત્રે ૯.૩૦ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે ગણેશજીની મૂર્તિઓ તેમજ ફોટોગ્રાફસનું પ્રદર્શન

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત ખાતે આવેલ સરદાર વલ્લ્ભભાઈ પટેલ મ્યુઝિયમમાં ચાલુ વર્ષે ગણેશ ઉત્સવ નિમિત્તે ગણેશજીની મૂર્તિઓ તેમજ ફોટોગ્રાફસનું પ્રદર્શન તા. ૦૧/૦૯/૨૦૧૧ થી તા. ૨૫/૦૯/૨૦૧૧ સુધી સવારે ૯.૩૦ કલાક થી સાંજના ૪.૩૦ સુધી ખુલ્લું મુકવામાં આવશે. જે નિહાળવા જાહેર જનતાને નિમંત્રણ છે.

TOP

## સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/ કતલખાનાઓ બંધ રહેવા બાબત

આથી જાહેર જનતા તથા લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે નામદાર સુપ્રિમ કોર્ટના તા. ૧૧/૦૩/૨૦૦૮ ના ચુકાદા તેમજ સ્થાયી સમિતિના ઠરાવ નં. ૯૪૭/૨૦૦૮, તા. ૨૬/૦૬/૨૦૦૮ થી વિદિત થઈ, જૈન પર્યુષણ પર્વ નિમિત્તે દર વર્ષની જેમ સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ પશુ કતલખાનાઓ અને મહાનગરપાલિકા હદ વિસ્તારમાં અસ્તિત્વ તમામ પશુ વધશાળા/કતલખાનાઓ તા. ૨૫/૦૮/૨૦૧૧ થી તા. ૦૧/૦૯/૨૦૧૧ સુધી તેમજ અનંત ચતુદર્શી/ગણેશ વિસર્જન યાત્રા યોજાય તે દિને તા. ૧૧/૦૯/૨૦૧૧ના રોજ એમ કુલ નવ દિવસો બંધ રહેશે.